# ડીજીપી કહે છે પરેડ કરો, આરોગ્ય કમિશનર કહે છે 'સાચવજો'

## આકરી ગરમીમાં સન સ્ટ્રોકથી બચવા આરોગ્ય કમિશનરે જાહેરનામુ બહાર પાડ્યુ છે ત્યાં બીજી તરફ નવા વરાયેલા ડીજીપીએ દરેક પોલીસ સ્ટેશનને પરેડ યોજવાનો આદેશ કરતા ગરમીમાં પોલીસની હાલત કફોડી થશે

ગાંધીનગર, તા. ૨૮

એક તરફ ગુજરાતમાં ઉનાળો આકરો બનવાના એંધાણ શરૂઆતથી જ દેખાવા લાગ્યા છે અને ગરમીનો પારો સટાસટ ઊંચે ચઢવા માંડ્યો છે ત્યારે બીજી તરફ રાજ્યના નવા નિમાયેલા પોલીસ વડાએ પોલીસ કર્મીઓની આળસ ખંખેરવા નિયમિત પરેડનું આયોજન કરવાનો ઓર્ડર આપ્યો હોવાથી આ ઉનાળામાં પોલીસની હાલત કફોડી થવાની પરિસ્થિતિ સર્જાશે તેવુ જણાઈ રહ્યું છે.

સમગ્ર રાજ્યમાં સતત વધતા જતા સૂર્યકોપને ધ્યાને રાખીને આરોગ્ય કમિશ્નરે અસહ્ય ગરમીથી આરોગ્ય પર થતી વિપરીત અસરો અંગે બચવા તથા લૂ લાગવા જેવા



સંજોગોમાં ભરવાના પગલાં અંગે જાહેર સૂચના બહાર પાડી છે. આ સૂચના અનુસાર દિવસ દરમ્યાન વધતા જતા તાપમાનને કારણે વ્યક્તિના આરોગ્ય પર વિપરીત અસરો થઈ શકે છે અને સન સ્ટ્રોક એટલે કે લૂ લાગી શકે છે જે ક્યારેક જીવલેણ સાબિત થાય છે. આ ઉપરાંત શરીર અને હાથપગમાં અસહ્ય દુઃખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા જેવી તકલીફો થઈ શકે છે. આ સંજોગોમાં રાજ્યના નવા વરાયેલા ડીજીપી શિવાનંદ ઝાએ દરેક પોલીસ સ્ટેશને પોલીસ કર્મીઓની નિયમિત પરેડ યોજવાનો હુકમ પદ સંભાળવાની સાથે જ કર્યો છે. હવે વધતી જતી ઉનાળાની આકરી ગરમીમાં ઘણા સમયથી પરેડની આદત છોડી ચુકેલા પોલીસ કર્મીઓની હાલત કફોડી થશે તેવુ સ્પષ્ટ જણાઈ રહ્યું છે અને ડીજીપીના આ નિર્ણય અંગે પોલીસબેડામાં ગણગણાટ ચાલુ થઈ જવા પામ્યો છે.

# વિશ્વ રંગભૂમિ દિને ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર પ્રકાશ લાલાનુ સન્માન

## વિશાલા અને વિચાર ટ્રસ્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રંગભૂમિના જાણીતા કલાકારોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૮

૨૭મી માર્ચ વિશ્વ રંગભૂમિ દિનના અવસરે ગાંધીનગરના દિગ્ગજ કલાકાર પ્રકાશ લાલા સહિત અન્ય કલાકારોને સન્માનવાનો કાર્યક્રમ અમદાવાદ



ખાતે યોજવામાં આવ્યો હતો.

વિશાલા અને વિચાર ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે રંગકર્મીઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. ૨૭ માર્ચે રંગભૂમિ દિવસ હોવાની સાથે વિશાલાનો સ્થાપના દિવસ પણ છે. આ પ્રકારના કાર્યક્રમની પરિકલ્પના ભૂતપૂર્વ જાણીતા ફિલ્મ અને રંગભૂમિના કલાકાર પી. ખરસાણીએ આપી હતી. જેમની વિચારયાત્રાને વિશાલા દ્વારા આગળ વધારાઈ છે. વિશ્વરંગભૂમિ દિન અવસરે વિશાલા દ્વારા રંગભૂમિના ૧૫ જેટલા વરિષ્ઠ કલાકારોનું સન્માન કરાયુ હતુ. જેમાં ગાંધીનગરના દિગ્ગજ રંગભૂમિ કલાકાર, દિગ્દર્શક અને તજજ્ઞ એવા પ્રકાશ લાલાનું સન્માન કરવામાં આવ્યું છે.

છેલ્લા પાંચ દાયકાથી રંગભૂમિ સાથે જોડાયેલા પ્રકાશ લાલાએ ૭૦ જેટલા ત્રિઅંકી નાટકો, ૧૦૦થી વધુ એકાંકીઓમાં અભિનય કર્યો છે. આ ઉપરાંત 'એક ડાળના પંખી,' 'કાકાએ કરી કમાલ', 'તડકો થશે ભડકો,' 'તરણાં ઓથે ડુંગર જેવી' અનેક ગુજરાતી સીરીયલોમાં અભિનયના ઓજસ પાથર્યા છે. તેઓ ગુજરાત રાજ્ય નાટ્ય અકાદમી પ્રમાણપત્ર બોર્ડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોગ્યતા પ્રમાણપત્ર બોર્ડમાં તજજ્ઞ તરીકે તેઓ સેવા આપી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા યોજાતી વિવિધ નાટ્ય સ્પર્ધાઓ, ટ્રાન્સમીડિયા, આઈએનટી, સુરત મહાનગરપાલિકા જેવી અનેક સંસ્થાઓ આયોજિત નાટ્ય સ્પર્ધાઓમાં તેઓ નિર્ણાયક તરીકેની બહુમુલ્ય સેવાઓ આપી રહ્યા છે. પૂર્વ સંયુક્ત માહિતી નિયામક અને અખંડ આનંદ સામાયિકના મુખ્ય સંપાદક પ્રકાશ લાલાના માર્ગદર્શન હેઠળ અનેક નવયુવાન કલાકારોએ નાટ્યશાસ્ત્રીની સઘન તાલીમ પ્રાપ્ત કરી છે. તેઓએ સાત જેટલા નાટ્ય સંગ્રહોનું સંપાદન પણ કર્યુ છે.

ગાંધીનગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમના તેઓ સ્થાપક મહામંત્રી અને હાલમાં ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી... તમે કહો છો તો ગણિતની પરીક્ષા ફરી આપીશ... પણ યાદ રાખજો બોર્ડવાળા મને બે વખત ફેઈલનું રીઝલ્ટ આપશે તો... બદનક્ષીનો દાવો ઠોકી દઈશ...!!

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ મુજબ ગુનાખોરી ઘટાડવામાં ગુજરાત પોલીસની કામગીરી નોંધનીય

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં ગુનાખોરી ઘટાડવા શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે પોલીસ દળ કટીબધ્ધ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ મુજબ રાજ્યમાં ધાડના બનાવોમાં ૧૪ ટકાનો ઘટાડો થયો છે. કાયદા અને વ્યવસ્થાની સ્થિતિએ અન્ય રાજ્યોની તુલનામાં ખૂનમાં ૨૭માં ક્રમે, ખૂનની કોશિષમાં ૨૯માં ક્રમે, બળાત્કારના પ્રયાસમાં ૩૦માં ક્રમે તેમજ અપહરણના ગુનાઓમાં ૨૩માં ક્રમે છે. જે એનસીઆરબીના તાજેતરના અહેવાલ મુજબ અન્ય રાજ્યોની સામે ગુજરાત પોલીસની કામગીરી ગુનાખોરી ઘટાડવામાં નોંધનીય છે. એટલે કે ઘણી સારી છે. અને તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષ-૨૦૧૬માં અને વર્ષ-૨૦૧૭માં ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના બનાવોમાં અનુક્રમે ૫૦૫ તેમજ ૨૮૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તેમ વિધાનસભાના સભ્યએ ગૃહમાં આણંદ જિલ્લામાં વિવિધ ગુનાઓ હેઠળ ધરપકડ કરાયેલ ગુનેગારો અંગે ધારાસભ્યશ્રી દ્વારા પુછેલ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જવાબ આપતા રાજ્ય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

રાજ્ય ગૃહમંત્રીએ કહ્યું હતું કે આણંદ જિલ્લામાં પોલીસનું મહેકમ પુરતું છે. પકડવાના બાકી ગુનેગારોને શોધવા સારૂ આણંદ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગ, અધિકારીઓ દ્વારા વિવિધ સ્થળોની મુલાકાત તેમજ બાતમીદારો પાસેથી મળતી માહિતી તેમજ જેલની મુલાકાત લઈ ગુનાઓનું નિયમન કરવામાં આવે છે. રાજ્યમાં ૧૪ થી ૧૮ વર્ષના યુવક-યુવતીઓ પ્રેમ પ્રકરણમાં લગ્ન કરવાના હેતુથી ભાગી જવાની ઘટનાઓમાં તેમના પરિવાર જનો દ્વારા અપહરણની ફરીયાદ નોંધાવવામાં આવે છે.

# ગુજરાતી લોક સંગીત કલાકાર મહેશ કનોડિયાને પાટણ યુનિવર્સિટી ડૉક્ટરેટની પદવી આપશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના કલાકાર અને ગુજરાતી લોકકલા ક્ષેત્રે યોગદાન આપનાર પૂર્વ સાંસદ મહેશ કનોડિયાને પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય



ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માનદ ડૉક્ટરેટ (ડીલેટ)ની પદવી આપવાનો નિર્ણય કર્યો છે. આગામી સમયમાં યુનિવર્સિટીની સ્થાપના દિને પદવી એનાયત કરવામાં આવશે. શહેર સહિત કલાપ્રેમીઓની માંગને આવકારી સરાહનીય નિર્ણય કરાતા સમગ્ર શહેરે યુનિવર્સિટીના આ નિર્ણયને લઈ ખુશી વ્યક્ત કરી હતી.

પાટણ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના સેનેટ સભ્યોની વાર્ષિક કોર્ટ યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૭ના કારોબારી હિસાબો સહિત વાર્ષિક એહવાલો રજૂ કરી સેનેટ સભ્યો દ્વારા બહાલી આપતા મંજૂર કર્યા હતા. કોર્ટમાં ઈસી મેમ્બર શૈલેષ પટેલ દ્વારા ઘણા સમયથી પાટણની કલાપ્રેમી જનતાની માંગ હતી કે મહેશ કનોડિયાને યુનિવર્સિટી દ્વારા માનદ ડૉક્ટરેટની પદવી આપવા માટે પ્રસ્તાવ રજૂ કરાયો હતો. જે પ્રસ્તાવને વધાવી પદવી એનાયત કરવા મંજૂર કર્યો હતો. અધ્યક્ષ કુલપતિલીએ પ્રજાપતિ દ્વારા રાજ્યપાલને મંજુરી પત્ર લખવામાં આવશે અને યુનિવર્સિટીના સ્થાપના દિને મહેશ કનોડિયાને આ પદવી એનાયત કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

# ઝૂંપડપટ્ટી ખસેડીને ડમ્પિંગ સાઈટ બનાવવાના પ્રશ્ને મહિલા કોર્પોરેટર મેદાને

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના કચરાનો નિકાલ કરવા માટેનો પ્રશ્ન છેલ્લા ઘણા વર્ષોથી પેચીદો બન્યો છે. તંત્ર દ્વારા જ્યાં પણ ડમ્પીંગ સાઈટ નક્કી કરવામાં આવે કે વાત કરવામાં આવે ત્યાં જ નાગરીકોનો વિરોધ શરુ થઈ જાય છે. ત્યારે હવે સરકારી તંત્ર હવે હજ્જારો ગરીબ માણસોના આવાસો પર બુલડોઝર ફેરવીને ઘર વિહોણા બનાવી તે જગ્યા પર ડમ્પીંગ સાઈટ બનાવવાનું વિચારી રહી છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૨ના કોર્પોરેટર રોશનબેન પરમાર આ ગરીબોની વ્હારે આવ્યા છે. અને જીઈબી પાસે આવેલ ઝુંપડપટ્ટી ખસેડીને તે સ્થાને ડમ્પિંગ સાઈટ બનાવતી અટકાવવા માટે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ડે.મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, જિલ્લા કલેકટર સતિષ પટેલ, મનપાના કમિશનર તેમજ મનપાના મેયર પ્રવિણ પટેલને આ ડમ્પિંગ સાઈટ અન્યત્ર ખસેડવા માટે રજુઆત કરી છે. જીઈબી નજીક ઝુંપડપટ્ટી પાસે ડમ્પિંગ સાઈટનો નિર્ણય તંત્ર દ્વારા પાછો નહીં લેવામાં આવે તો હજ્જારો ગરીબ નાગરીકો ઉગ્ર આંદોલન કરશે.

ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૨માં સમાવિષ્ટ જીઈબી વિસ્તારમાં ગરીબોની વસાહત આવેલી છે. જેમાં કાચા છાપરા બાંધીને વસાહતીઓ વર્ષોથી વસવાટ કરે છે અને પોતાનો ધંધો-રોજગાર, મજુરી કરીને જીવન નિર્વાહ કરે છે. આ વિસ્તારમાં દસ હજારથી વધુ શ્રમિક પરિવારો વસવાટ કરે છે. ત્યારે આ વિસ્તારમાં ડમ્પિંગ સાઈટ ઉભી કરવાનું જિલ્લા તંત્ર દ્વારા વિચારવામાં આવી રહ્યું છે. એકબાજુ રાજય સરકાર દ્વારા ગરીબોની સરકાર, શોષિતોની સરકાર, સંવેદના વાળી સરકારની વાતો કરવામાં આવે છે. ત્યારે મજુરી કરીને માંડ બે ટંક જમવાનું રળતા અને પોતાના ઝુંપડાને જ મહેલ સમજીને જીવતા શ્રમિકોની વસતી દુર કરવાનું તંત્ર વિચારી રહી છે તે સંવેદનાહીન વિચાર છે. આ છાપરા વિસ્તારમાં હજ્જારો શ્રમજીવીઓ વસવાટ કરે છે. જો આ સ્થળે ડમ્પિંગ સાઈટ બને તો જીઈબીના કર્મચારીઓના આરોગ્ય સામે પણ ખતરો મંડરાશે. આ વિસ્તારમાં આંગણવાડીમાં ગરીબ બાળકો અભ્યાસ કરે છે. તેમજ શ્રમિક પરિવારો રોજગાર, રહેઠાણ તેમજ ધંધો રોજગાર છીનવાઈ જશે. આથી આ સ્થળે ડમ્પિંગ સાઈટ બનતી અટકાવવા માટે વોર્ડ નં-૨ ના મહિલા કોર્પોરેટર રોશન બેન પરમાર ગરીબોની વ્હારે આવ્યા છે અને ડમ્પિંગ સાઈટ મુદ્દે સખ્ત વિરોધ નોંધાવીને તેઓએ રાજયના મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, મનપા કમિશનર, મનપા મેયર સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી ડમ્પિંગ સાઈટ અહીં નહીં ઉભી કરવા માટે વિરોધ દર્શાવ્યો છે. જો ડમ્પિંગ સાઈટ મુદે ગરીબોની રજુઆત સરકારી તંત્ર દ્વારા નહીં સાંભળવામાં આવે તો આગામી સમયમાં હજ્જારો ગરીબ ભાઈ બહેનો ઉગ્ર આંદોનલ કરે તો નવાઈ નહીં...

**જીઈબી છાપરા વિસ્તારમાં બુલડોઝર ફરશે તો હજ્જારો ગરીબ પરિવારો બેઘર બનશે, નિર્ણય પાછો નહીં લેવાય તો શ્રમજીવીઓ ઉગ્ર આંદોલન કરશે**

# ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની નવીન કારોબારી સભા જિલ્લા ચૂંટણી કન્વીનર અનિલકુમાર એન. રાવલની અધ્યક્ષતામાં મળી



હતી. જેમાં નવીન હોદ્દેદારોમાં પ્રમુખ મીઠાલાલ કે. પટેલ-સાદરા પ્રાથમિક શાળા અને મહામંત્રી તરીકે જગદીશભાઈ પટેલ-પલિયડ પગાર કેન્દ્ર શાળાની સતત બીજીવાર બિનહરીફ વરણી કરવામાં આવતા જિલ્લાના તમામ શિક્ષકોમાં આનંદની લાગણી ફેલાયેલ છે.

# કોલવડા આયુર્વેદ કોલેજમાં સ્ત્રી રોગ વિશે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના કોલવડા સ્થિત સ્ટેટ મોડેલ ઈન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ સાયન્સીસ ખાતે પ્રસુતિ અંગેના વિવિધ રોગોની માહિતી વિશે કાર્યક્રમ યોજાયો હતો.

કોલેજના પ્રસુતિ તંત્ર સ્ત્રી રોગ વિભાગના ગર્ભ સસ્કાર કેન્દ્રમાં આયોજીત કાર્યક્રમમાં કોલવડાના સરપંચ રમેશભાઈ પટેલ ઉપસરપંચ ગીતાબા વાઘેલા અને સદસ્યો સહિત આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં આ સંસ્થાના આચાર્ય અને સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. રાજેશભાઈ બરવાળીયાએ આયુષગ્રામ દત્તક લેવાની જાહેરાત કરી હતી. ઉપરાંત સજીવ ખેતી અને વનસ્પતિ ઉછેર દ્વારા સમૃધ્ધિમાં કોલેજની ભૂમિકા સમજાવી હતી. પ્રસુતિ સ્ત્રી રોગ વિભાગના વડા ડૉ. પારૂલબેન જોષીએ વિભાગ અંતર્ગત વંધ્યત્વના વિવિધ પ્રકારો તથા સ્ત્રીઓના વિવિધ રોગોની નિઃશુલ્ક સારવારની માહિતી આપી હતી. ડૉ. પંકજ પટેલે પણ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

# શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાશે




ચૈત્ર સુદ પુનમ એટલે શ્રી રામભક્ત એવા સર્વ શક્તિમાન હાજરાહજુર મનાતા મારૂતીનંદન, બજરંગબલી, હનુમાનજીની જન્મ જયંતિ જે શનિવાર તા. ૩૧-૩-૧૮ના રોજ ભક્તિભાવ સાથે દરેક મંદિર અને હનુમાન ભક્તના ઘરમાં ઉજવવામાં આવશે. અમદાવાદના અમરાઈવાડી-રખીયાલ રોડ પર આવેલા નાગરવેલ હનુમાન મંદિર ખાતે ધ્વજારોહણ, સુંદરકાંડ, છપ્પનભોગ, ભંડારો, મારૂતીયજ્ઞ સાથે ભજનસંધ્યા અને અગીયાર હજાર દિવડાની અલૌકિ મહા આરતીનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે સવારથી જ વિવિધ કાર્યક્રમોની શરૂઆત થશે. જેમાં સવારે ૬ વાગ્યે ઉત્થાપન આરતી અને ત્રિયંજન, ૮.૩૦ ધ્વજારોહણ, ૯ થી ૧૨ મનોજ પુજારી દ્વારા સુંદરકાંડ, બપોરે ૧ થી ૪ મહાપ્રસાદી, સાંજે ૭ થી ૧૦ ભજન મંડળીઓ દ્વારા ભજન સંધ્યા, મંદિરના મહંત રંગનાથાચાર્યજી દ્વારા હનુમાન મહત્તાનું રસપાન કરાવાશે. સાંજે ૫ થી ૭ મારૂતી યજ્ઞ તેમજ દાદાની ૧૧ હજાર દિવડાની ભવ્ય મહાઆરતીનો દરેક હનુમાન ભક્ત લાભ લઈ શકશે.





**પિરોજપુર પ્રાથમિક શાળાને સ્વચ્છતા તથા શ્રેષ્ઠ એસ.એમ.સી. એવોર્ડ એનાયત**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર તાલુકાની પિરોજપુર પ્રાથમિક શાળાને ગાંધીનગર તાલુકાનો શાળા સ્વચ્છતા એવોર્ડ ૨૦૧૭-૨૦૧૮ અંતર્ગત જી.સી.ઈ.આર.ટી. અને જિલ્લા શિક્ષણ તથા તાલીમભવન દ્વારા દર વર્ષે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લાની સૌથી સ્વચ્છ શાળાને એવોર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ આ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગાંધીનગર તાલુકાની પિરોજપુર પ્રાથમિક શાળાએ પ્રથમ સ્થાન હાંસલ કર્યુ છે. આ શાળાએ લવારપુર સી.આર.સી. કક્ષાની શ્રેષ્ઠ એસએમસીનો એવોર્ડ પણ પ્રાપ્ત કરેલ છે. આ શાળામાં ભણતા ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવો અંતર્ગત શાળાના પટાંગણમાં છોડવાઓની ભેટ આપી વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે શાળાના આચાર્ય શિક્ષકો એસએમસી વિદાય લેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળાના નવીન મકાનનું ખાતમુહૂર્ત કરાયુ

નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળાના નવીન બિલ્ડીંગનું ખાતમુહૂર્ત આજરોજ સવારે ૯.૩૦ કલાકે પ્રોજેક્ટ એન્જીનીયર વિપિનભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય અને સમગ્ર સ્ટાફ સહિત બંને ગામના સરપંચ અને એસએમસીના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ પણ ભારે સાથ સહકાર પુરો પાડ્યો હતો.

## મહાવીર જયંતિના પાવન અવસરે રાજયપાલશ્રીએ પાઠવેલ શુભકામનાઓ

ગાંધીનગર, તા.૨૮

ભગવાન મહાવીર જયંતિના પાવન અવસરે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજયના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન મહાવીરે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા અને પ્રેમના સિધ્ધાંતો પર ચાલવાનો સમગ્ર માનવજાતિને ઉપદેશ આપ્યો છે. આ મહાન ઉપદેશને આપણે આપણા જીવનમાં આત્મસાત કરીએ.

## મહાવીર જયંતીની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને મહાવીર જયંતીના પર્વની શુભકામના પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે કરૂણા અને અહિંસાનું તત્વ ચિન્તન ભારતની ભૂમિએ વિશ્વને આપ્યું છે અને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી તેને આત્મસાત કરાવ્યું છે.

## આજે ગાંધીનગરમાં મહાવીર જન્મ કલ્યાણક યાત્રા

ગાંધીનગર, તા.૨૮

મહાવીર જયંતિની ઉજવણીના ભાગરૂપે ૨૯મીને ગુરુવારે સવારે ૭.૩૦ કલાકે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતેથી મહાવીર ભગવાનની શોભાયાત્રા ધામધૂમથી નીકળશે.

શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરાઈ છે. શોભાયાત્રા બાદ આચાર્ય ભગવંતો મહાવીર ભગવાન અંગે વ્યાખ્યાન આપશે.

## ગાંધીનગર શહેરમાં તમાકુ વિરોધી રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે તમાકુ વિરોધી સેલ દ્વારા બપોરે ૧૧ વાગે એક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીમાં ૫૦૦ જેટલા બાળકો જોડાયા હતા. ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતેથી નીકળેલી આ રેલીને શહેરના મેયર પ્રવિણ પટેલે લીલી ઝંડી આપી હતી. આ રેલી ગાંધીનગર કલેક્ટર ખાતે સંપન્ન થઈ હતી. જ્યાં જિલ્લા કલેક્ટરે બાળકોને આવકારી રેલીને સફળ બનાવવા માટે અભિનંદન આપ્યા હતા.



**ઓનલાઈન નિવિદા નં. એસ.કે./૩૦, સને ૨૦૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજવા વિભાગ નં.૩, પાટનગર યોજવા ભવન, 'બી' બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. પીન-૩૮૨૦૧૬. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૪ તરફથી અનુભવ ધરાવતી સ્થાનિક ગાંધીનગર શહેરની સ્થાનિક એજન્સીઓ / ઈસમો પાસેથી કચેરીનું તથા તાબાની કચેરીઓનું (૧) કોમ્પ્યુટરાઈઝ જોબ કામ તથા (૨) ઝેરોક્ષ કામ માટે વાર્ષિક ભાવો સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો ઓનલાઈન માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ્ટુ.હિહ્ન.હૅષ્ઠિી.ર્ષ્દ્વ ઉપરથી તા. ૧૬/૪/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે.

ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડોક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં સ્પીડ પોસ્ટ / રજી.પો.એ.ડી.થી તા. ૧૭/૪/૧૮ થી તા. ૨૩/૪/૧૮ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

ટેન્ડર નોટીસમાં હવે પછીના સુધારા / વધારાઓ દૈનિક પેપરમાં નિવિદા પ્રસિદ્ધ ન કરતાં ઓનલાઈન કરવામાં આવશે અને ઓનલાઈન ટેન્ડર ભરવા તેમજ વધારાની માહિતી માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૩૦૭૧/૧૭-૧૮